વડીલોને વંદન અભિનંદન

અમૃતલાલ ઠક્કર
(૧૯૩૫)ફોનઃ૨૩૨૨૨૪૧૧

શનિવારે માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં 'વાર્ષિક સ્પોર્ટસ મીટ' યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના સેકટર-૨૧ ખાતે આવેલી માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ ખાતે વાર્ષિક સ્પોર્ટસ મીટનું આયોજન કરાયું છે. તા. ૭મી ડિસેમ્બર શનિવારે સવારે ૮ વાગ્યાથી યોજાનારા આ કાર્યક્રમમાં સીઆરપીએફના ડીઆઈજી થોમસ જોબ મુખ્ય મહેમાન તરીકે હાજરી આપનાર છે. આ કાર્યક્રમમાં વિવિધ રમતોની સાથે રીધેમીક ડ્રીલ્સ, નૃત્યો જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે. રમતો પૂર્ણ થયા બાદ શ્રીમતી ડૉ. મરીના થોમસના હસ્તે વિજેતાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવશે.

તાલુકા કક્ષાની એથ્લેટિકસમાં બાલવાના વિદ્યાર્થીઓ ઝળહળી ઉઠયા

ગાંધીનગર, તા.૫

ખેલ મહાકુંભ અંતર્ગત તાલુકા કક્ષાની એથ્લેટિકસ સ્પર્ધા સ્વામિનારાયણ હાઈસ્કુલ બાલવા ખાતે યોજાઈ હતી. જેમાં બાલવાના રમતવીરોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

એથ્લેટિકસ સ્પર્ધામાં અન્ડર-૧૬ અને ૧૬ વર્ષ ઉપરના વિદ્યાર્થીઓ એમ બે વિભાગમાં વહેંચવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ બાજી મારી છે. સ્પર્ધામાં અક્ષય ચૌધરી લાંબી કૂદ, લંગડી ફાળ કૂદ, ઉંચી કૂદમાં પ્રથમ, સૃષ્ટિ ચૌધરી ૨૦૦મી., ૧૫૦૦મી. દોડમાં પ્રથમ, મનિષા ચૌધરી લાંબી કૂદમાં પ્રથમ, કિરીટ ભાટી લાંબી કૂદમાં પ્રથમ તેમજ અનેક વિદ્યાર્થીઓએ વિજયી પ્રદર્શન કર્યું હતું. તમામ ખેલાડીઓએ ગામનું અને શાળાનું નામ રોશન કરેલ છે. સર્વેસ્ટ શાળા પરિવાર દ્વારા અભિનંદન આપવામાં આવ્યા હતા.

રણાસણની સીમમાં છરીના અસંખ્ય ઘા ઝીંકી કોલેજીયન યુવાનની કરપીણ હત્યા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર તાલુકાના રણાસણ ગામની સીમમાં કોલેજીયન યુવાનની છરીના ઘા ઝીંકી કરપીણ હત્યા કરી દેવાતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. પોલીસ આ મામલે સ્થળ પરથી જરૂરી પુરાવા એકઠા કરી યુવાનની હત્યા કરનારા હત્યારાઓની શોધખોળ કરવા ચક્રોગતિમાન કર્યા છે.

માહિતી અનુસાર નરોડા નજીક નાના ચિલોડાના ગરીબનગર વિસ્તાર આવેલ છે. જ્યાં મૂળ બિહારનો વતની શુભમ ઉર્ફે ગુડુ વિનયપ્રસાદ યમુના પ્રસાદ કર્મી (ઉ.વ. ૧૯) રહે છે. અને એલિસબ્રિજ નજીક આવેલી એમ.બી. પટેલ કોલેજમાં બીકોમમાં અભ્યાસ કરે છે. તેમજ રાત્રી દરમિયાન નાના ચિલોડાની એક ખાનગી કંપનીમાં નોકરી પણ કરે છે. યુવાન આજે કોલેજની પરીક્ષા આપી આવ્યો હતો અને બાદમાં કેટલાક હત્યારાઓએ સરદાર પટેલ રીંગ રોડ પર રેલવે ફાટક અને ટોલટેક્ષ વચ્ચે રણાસણ ગામની સીમમાં બોલાવ્યા હતો અને પહેલેથી છરીની ધાર સજાવીને બેઠેલા હત્યારાઓએ કોલેજીયન યુવાનના શરીરે અસંખ્ય છરીના ઘા ઝીંકી કરપીણ હત્યા કરી નાખી હતી અને લોહીલુહાણ હાલતમાં યુવાનને સ્થળ પર જ નાખી નાસી છૂટ્યા હતા. હત્યાની ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. બાદમાં હત્યાની જાણ ડભોડા પોલીસને થતા પી.એસ.આઈ. એસ.બી. વાઘેલા સહિતના પોલીસ કર્મીઓ બનાવ સ્થળે દોડી આવ્યા હતા અને સ્થળ પરથી હત્યામાં વપરાયેલ છરી સહિતના પુરાવા એકઠા કર્યા હતા અને હત્યાનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. આ હત્યા સંદર્ભે પોલીસ પ્રાથમિક તપાસમાં પ્રેમ પ્રકરણ અથવા અંગત અદાવતની શંકા વ્યક્ત કરી છે. ડભોડા પોલીસના પી.એસ.આઈ. એસ.બી. વાઘેલાએ આ મામલે એફ.એસ. એલ.ની મદદ લઈ હત્યારાઓને ઝડપી પાડવા સઘન શોધખોળ હાથ ધરી છે.

ગાંધીનગર લોકસભા યુવા કોંગ્રેસ દ્વારા કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી તથા તેના પ્રચાર માટે તેમજ મહિલાની જાસૂસી કાંડના મામલે યુવા કોંગ્રેસ દ્વારા જનજાગરણ રેલી સુભાષબ્રિજ આરટીઓ સર્કલથી ઈન્કમટેક્ષ સુધી કાઢવામાં આવી હતી. આ રેલી સી. જે. ચાવડા તેમજ ગાંધીનગર યુવાક કોંગ્રેસના આગેવાનો જોડાયા હતા તે પ્રસંગની તસવીર.

રોટરી ક્લબ અને સીમ્સ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે

સે. ૨૨ના ફિઝીયોથેરાપી સેન્ટર પર હૃદયરોગ નિદાન કેમ્પનું આયોજન

રવિવારે સવારે ૯ થી ૧૨ દરમ્યાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૫

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા સમગ્ર ગાંધીનગર જિલ્લાની જનતા માટે અમદાવાદની સીમ્સ હોસ્પિટલના સહયોગથી તા. ૮મી ડિસેમ્બરે રવિવારે સવારે ૯.૩૦ વાગ્યાથી ૧૨ વાગ્યા દરમ્યાન હૃદયરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં અમદાવાદના પ્રખ્યાત કાર્ડીયોલોજીસ્ટ ડૉ. હેમાંગ બક્ષી તેમજ કાર્ડીયાક સર્જન ડૉ. ધીરેન શાહ તેમની સેવાઓ આપનાર છે.

આ હૃદયરોગ નિદાન કેમ્પ સેકટર-૨૨ ખાતે પંચદેવ મંદિરની પાછળ આવેલા રોટરી ફિઝીયોથેરાપી સેન્ટર ખાતે આયોજિત કરવામાં આવ્યો છે. આ કેમ્પ હાઈ બીપી, હાર્ટએટેક, ડાયાબીટીશ હોવાના કારણે અથવા અગાઉ હાર્ટએટેક આવી ચુકયો હોય, એન્જીયોગ્રાફી, એન્જીયો પ્લાસ્ટી કે બાયપાસ સર્જરી કરાવેલ હોય, વાલ્વની બિમારી હોય, વારસાગત કે જન્મજાત હૃદયની બિમારી કે ખોડ ધરાવતા બાળકો અથવા અન્ય વ્યક્તિઓ, વારંવાર છાતીમાં દુખાવો, ગભરામણ, પરસેવો છુટવો, ચક્કર આવવા જેવી તકલીફઓથી પીડાતી હોય તેવી વ્યક્તિઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી આયોજિત કરાયો છે. આ કેમ્પમાં રૂપિયા ૧૫૦૦ ના ચાર્જમાં થતી ઈકો કાર્ડીયોગ્રાફી જરૂરિયાતમંદોને ડોક્ટરની સલાહ મુજબ નિઃશુલ્ક કરી આપવામાં આવશે. આ કેમ્પમાં અમદાવાદની સુવિખ્યાત હોસ્પિટલ સીમ્સના જાણીતા કાર્ડીયોલોજીસ્ટ ડૉ. હેમાંગ બક્ષી તેમજ કાર્ડીયાક સર્જન ડૉ. ધીરેન શાહ સેવાઓ આપવાના છે. તેમજ આ કેમ્પમાં ભાગ લેનાર દર્દીઓને જો એન્જીયોગ્રાફી, એન્જીયોપ્લાસ્ટી અથવા બાયપાસ સર્જરી કે વાલવ્યુલોપ્લાસ્ટી કરવાની થશે તો તેઓને સીમ્સ હોસ્પિટલમાં ૧૦ ટકાની બિલમાં રાહત આપવામાં આવશે.

આ કેમ્પમાં ભાગ લેવા શિબિરના દિવસે સ્થળ પર જ સવારે ૯ વાગ્યાથી રજીસ્ટ્રેશન કરવામાં આવશે. હૃદયરોગના દર્દીઓને આ શિબિરનો લાભ લેવા અનુરોધ કરાયો છે.

સમસ્ત ગજ્જર-સુથાર સમાજનો સાતમો સમૂહ લગ્નોત્સવ યોજાશે

શ્રી ગજ્જર સુથાર સમાજનો સાતમો સમૂહ લગ્નોત્સવ તા. ૧૭ ફેબ્રુઆરીના રોજ જલારામ મંદિર ધર્મજ ખાતે યોજવામાં આવશે.

સમાજનો સાતમો સમૂહ લગ્નોત્સવ ગજ્જર, વૈશ્ય અને પંચોળી યુવક યુવતિઓએ જન્મના પૂરાવા અને પાસપોર્ટ ફોટા સહિત સમાજના કાર્યાલય ખાતેથી ફોર્મ મેળવી લેવાનું રહેશે. છ સમૂહ લગ્નોત્સવમાં દાતાઓ તરફથી અભૂતપૂર્વ દાન મળ્યું છે. સાતમા સમૂહ લગ્નોત્સવમાં દાતાઓ દાન આપે તેવી અપીલ પ્રમુખ અરવિંદભાઈ સુથાર કરી છે. તેજસ્વી તારલાઓ જેઓ જૂનિયર કે.જી.થી ધો. ૧૨, ડિપ્લોમાં, પી.ટી.સી. વિવિધ અભ્યાસક્રમોની માર્કશીટ નકલ મંત્રી હનુમંતભાઈ મિસ્ત્રીને મોકલી આપવી. સમુહ લગ્નની માહિતી માટે અરવિંદભાઈ સુથાર ૬૮/બી, શઆંતિનગર સોસાયટી, સહયોગ પાછળ, ગોરવા રિપાઈનરી રોડ, વડોદરાનો ફોન (૦૨૬૫) ૨૩૯૫૬૧૦ પર સંપર્ક કરવો.

રાષ્ટ્રીય યુવા યોજનાની શિબિરમાં ગાંધીનગરની યુવા ટીમને શ્રેષ્ઠ ટીમનું સન્માન

ગાંધીનગર, તા. ૪

હરિયાણા રાજયના ભીવાની ખાતે તા. ૨૧મી નવેમ્બરથી ૨૯મી નવેમ્બર દરમ્યાન રાષ્ટ્રીય યુવા યોજના (એનવાયપી) દ્વારા એકતા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રખર ગાંધીવાદી તેમજ ગાંધી વિચારના પ્રચારક રાષ્ટ્રીય યુવા યોજનાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. એસ.એન. સુબ્બારાવજીના નેતૃત્વમાં યોજાયેલી આ એકતા શિબિરમાં ગાંધીનગરના યુવાઓ તેમજ શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરાયા હતા.

(તસવીર : કશ્યપ નિમાવત)

આ એકતા શિબિરમાં ભારતભરમાંથી જમ્મુ-કાશ્મીર, હરિયાણા, પંજાબ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, બિહાર, ગુજરાત, બંગાળ, ઓરિસ્સા, કેરાલા, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, દિલ્હી, ગોવા, છત્તીસગઢ, મણિપુર, આસામ તેમજ પડોશી દેશ નેપાળના મળીને કુલ ૨૫૦ જેટલા યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો. આ શિબિરમાં ગુજરાત રાજયમાંથી ગાંધીનગરની જાણીતી સંસ્થા જી.ઈ. ક્લબ અને બ્લ્યુ બબલ્સના કુલ ૧૧ યુવાઓએ ભાગ લીધો હતો. જી.ઈ. ક્લબ સંસ્થાના ડાયરેક્ટર કશ્યપ નિમાવતના નેતૃત્વમાં કુ. પૂજા શાહ, નિતીન રાવત, સાગર દેસાઈ, કપીલ રાવત, મેહુલ પટેલ, યશ ચૌહાણ, સંકેત પ્રજાપતિ, નિલે પ્રજાપતિ, માનસીંગ, ભૂપતસિંહ બારડ વગેરેએ ભાગ લીધો હતો. આ યુવાઓએ પ્રાર્થના, નૃત્ય, દેશભક્તિ ગીતો અને તેના પર નૃત્ય, ચર્ચાઓ વગેરેમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી ૧૯ રાજ્યોની ટીમોમાંથી શ્રેષ્ઠ ટીમ તરીકેનું સન્માન મેળવ્યું હતું. આ યુવાઓને આયોજકો દ્વારા ટ્રોફી અને પ્રમાણપત્રો આપી સન્માનવામાં આવ્યા હતા. આ ઉપરાંત શિબિરાર્થીઓએ તા. ૨૬મી નવેમ્બરે રોહતક ખાતે પૂર્વ સ્વાતંત્ર્ય સેનાની અને પ્રખર સમાજ સુધારક સ્વ. રણવીરસિંહ ચૌધરીની ૧૦૦મી જન્મ શતાબ્દી પ્રસંગે યોજાયેલી શિબિરમાં હરિયાણાના મુખ્યમંત્રી ભુપેન્દ્રસિંહ હુડા સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાતમાં ભારતમાં ભવિષ્યના નવસર્જનની ભૂમિકામાં યુવાનોના સક્રિય યોગદાન વિશે ચર્ચા કરવામાં આવી હતી.

ડૉ. સુબ્બારાવજીના નેતૃત્વમાં ભીવાનીમાં યોજાયેલી એકતા શિબિરમાં ૮૬ વર્ષની વયે પણ જોમ જુસ્સાથી ભરપૂર સુબ્બારાવજીએ યુવાનોને તેમની સાદગી અને મહાત્મા ગાંધીએ જોયેલા ભારતના સ્વપ્નને સાકાર કરવાની નેમ અંગેની પ્રતિબદ્ધતા વડે પ્રોત્સાહિત કર્યા હતા. ૧૮ ભાષાઓના જાણકાર અને 'ભાઈજી'ના હુલામણા નામથી ઓળખાતા સુબ્બારાવજીએ તેમના પ્રવચનમાં સર્વધર્મ સન્માન, યુવા શક્તિ અને 'દિલ જોડો-ભારત જોડો' જેવા અનોખા એકતા સંદેશ અંગે ભાવપૂર્ણ વાતો કરી હતી. આ શિબિરમાં લેંગ્વેજ ક્લાસ દ્વારા ભારતના વિવિધ પ્રાંતમાંથી આવેલા યુવાઓના વિચારો અને સાંસ્કૃતિકનું આદાન-પ્રદાન કરવા પર ભાર મુકયો હતો. શૌર્યગાન ગાતા ગાતા શ્રમદાન દ્વારા રાષ્ટ્રીય એકતાની ભાવના ફેલાવતા ગ્રામીણ અને શહેરી ક્ષેત્રો વચ્ચેનું અંતર દૂર કરી રાષ્ટ્રીયતા જગાવવાની તેમજ લઘુ ઉદ્યોગો જેવા કે કૃષિ, ડેરી, ખાદી અને ગ્રામોદ્યોગના કાર્યક્રમોને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂકયો હતો. આ શિબિરમાં ગાંધીનગરના યુવાનોને નેશનલ યુથ પ્રોજેક્ટ - ગુજરાત પ્રદેશ પ્રમુખ પંકજ ઝાલા અને જીઈ ક્લબના કુંતલ નિમાવતનો સાથ અને પ્રોત્સાહન સાંપડ્યા હતા.

દોઢ વર્ષથી ગુમ કિશોરની કોઈ ભાળ ન મળતા જિલ્લા પોલીસવડાને રજૂઆત

ગાંધીનગર, તા. ૫

કલોલ તાલુકાના સબાસપુર ગામેથી ૧૬ વર્ષીય કિશોર દોઢ વર્ષ અગાઉ લગ્નમાં જવાનું કહી ઘરેથી નિકળ્યો હતો જે કિશોર ભેદી રીતે ગુમ થઈ ગયો છે અને આજ દિન સુધી પરત આવ્યો નથી ત્યારે પોલીસ તપાસ કરી ગુમ કિશોરની શોધખોળ હાથ ધરે તેવી પરિવારજનોએ ગાંધીનગર જિલ્લા પોલીસ વડા સમક્ષ માંગ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લાના કલોલ તાવલુકાના સબાસપુર ગામે રહેતા કેશાજી મણાજી ઠાકોરનો ૧૬ વર્ષીય પુત્ર કેતન ઠાકોર શાંતિનિકેતન હાઈસ્કૂલમાં અભ્યાસ કરતો હતો. જે ગત ૨૬-૫-૨૦૧૩ ના રોજ કૌટુંબીક લગ્ન પ્રસંગે જઈ આવું છે તેમ કહી ઘરેથી ગયો હતો અને ભેદી રીતે ગુમ થઈ ગયો છે. જેની દોઢ વર્ષ બાદ પણ કોઈ ભાળ ના મળતા પરિવારજનો ભારે ચિંતાતુર બન્યા છે. પોલીસ દ્વારા પણ આ દિશામાં કોઈ પગલા ન લેવાતા આજે પરિવારજનોએ આ ગુમસુદા કિશોર અંગે આજે ગાંધીનગર જિલ્લા પોલીસ વડાને લેખિતમાં રજૂઆત કરી છે અને પોતાના પુત્રની શોધખોળ બાબતે યોગ્ય તપાસ કરવા માંગણી કરી છે.

શબ્દાવલી - ૫૨૪૮



આડી ચાવી

૧. વિશ્વાસ, ભરોસો (૪)
૪. મૈં... તું ખિલાડી (ગીત) (૩)
૬. હળીમળી જાય તેવા સ્વભાવનું (૫)
૭. ફુટેવ (૨)
૧૦. પુષ્પ (૨)
૧૧. એક મૂળ જેનું અથાણું પણ બને (૪)
૧૩. તોફાન, તકરાર (૩)
૧૪. ચે... મસ્તાની, મદહોશ ક્રિયે જાય... (૨)
૧૫. શ્રીરામનો યુગ (૨)
૧૬. એ રોગનું ગીત (૩)
૧૭. સવળી નહિ તેવું, ઊંધી (૩)
૧૯. ચેતન ના હોય તેવું (૨)
૨૦. બહારગામ કે પરદેશથી મંગાવેલું (૩)

ઊભી ચાવી

૧. ચોથા મહિનાની પહેલી તારીખે બનાવાય (૫)
૨. વિક્રમ (૨)
૩. ક્માવું (૩)
૪. ભગવાન અવતરે તે (૪)
૫. લેંઘા કે ચણિયા બાંધવા નંખાય તે દોરી (૨)
૮. આ બીયાનું ક્યરીયું ખવાય (૨)
૯. ઉનુ, ઉષ્ણ (૩)
૧૧. ગલીપચી (૫)
૧૨. લાકડી પર ચીંથરા વીંટી સળગાવાતો કાકડો (૩)
૧૩. ખપાળી (૩)
૧૫. તાકાત, શક્તિ (૩)
૧૭. બકરો (૨)
૧૮. મમત્વ (૨)

શબ્દાવલી ૫૨૪૭ના જવાબ

આડી ચાવી :- (૧) ગણવેશ (૪) વસુલ (૬) ફણગો (૮) નંબર (૧૦) કીનખાબ (૧૨) દર (૧૩) બલી (૧૪) કલમ (૧૮) કોતરણી (૧૯) ચાકરી (૨૧) વધ (૨૨) રવિ (૨૩) કરજ (૨૪) તાજ

ઊભી ચાવી :- (૧) ગજાનંદ (૨) વેફર (૩) શણ (૫) સુરખાબ (૭) ગોકીરો (૯) બરક્ત (૧૧) બલીહારી (૧૫) લરવક (૧૬) મણીધર (૧૭) આચાર (૧૮) કોલમ (૨૦) કવિતા

બદતીના હુકમો

● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રીમતી જે.કે. પટેલ	નાયબ સચિવ આદિજાતિ વિકાસ	સંયુકત સચિવ આદિજાતિ વિકાસ
વી.સી. વિનોદ	નાયબ સચિવ વન પર્યાવરણ	સંયુકત સચિવ વન પર્યાવરણ
બી.એમ.મુની	સચિવ તકેદારી આયોગ	સંયુકત સચિવ તકેદારી આયોગ
એન.જી. હારેજા	નાયબ સચિવ કાર્યકારી અધ્યક્ષ ૨૦મુદ્દા કાર્યક્રમ સમિતિનું કાર્યાલય	સંયુકત સચિવ ૨૦મુદ્દા અમલીકરણ સમિતિનું કાર્યાલય
અશોક એન. દવે	નાયબ સચિવ સામાન્ય વહીવટ	સંયુકત સચિવ સામાન્ય વહીવટ

ઓપન એર થિયેટર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્ટેજ, વિશાળ બેઠક વ્યવસ્થા ઉપરાંત રૂમ અને શૌચાલયની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. વધુમાં ઉદ્યાન અને ફૂવારાનું આકર્ષણ પણ ઉભું કરાયું છે. ઉદ્‌ઘાટન બાદ ૬ મહિના સુધી ભાડાનો દર નિયત ન થતા ઓપનએર થિયેટર બિનઉપયોગી હાલતમાં ખંડેર ભાસતું હતું. આખરે પાટનગર યોજના વિભાગની દરખાસ્ત સંદર્ભે ત્રણ મહિલા અગાઉ ભાડાનો દર નિયત કરાયો હતો. વિવિધ ત્રણ સમયગાળામાં થિયેટર ભાડેથી ફાળવવા ભાડુઆત માટે ૪૪ જેટલી શરતો નકકી કરવામાં આવી હતી. જ્યારે ત્રણેય શિફ્ટમાં રૂ. ૫ હજારથી લઈ રૂ. ૧૦ હજાર સુધીનું ભાડુ વસુલવા પણ નિર્ણય લેવાયો હતો. જેમાં એક થી વધુ માંગણીના કિસ્સામાં ડ્રો સિસ્ટમથી કાર્યવાહી કરાવનો નિર્દેશ પણ કરાયો છે પરંતુ નવાઈની વાત તો એ છે કે તંત્ર સમક્ષ થિયેટર ભાડે મેળવવા હજુ એક પણ દરખાસ્ત આવી નથી. અડધા કરોડના ખર્ચે નિર્માણ કરાયેલું ઓપન એર થિયેટર દોઢ વર્ષના લાંબા સમયગાળાના અંતે પણ લોકભોગ્ય બની શકયું ન હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. શરૂઆતમાં ઉદ્‌ઘાટન અને ભાડાનો દર નિયત થાય તેવી વાટમાં દિવસો વિત્યા પછી આજદિન સુધી થિયેટર એક પણ કાર્યક્રમનું સાક્ષી બની શકયું નથી..!! જાળવણી અને ઉપયોગના અભાવે ખંડેર બનતા જતા ઓપનએર થિયેટરની ચાપેક્ષમાં સેકટરોમાં અસ્તિત્વ ધરાવતા રંગમંચો પર કાર્યક્રમોનો ધમધમાટ જોવા મળે છે. આવા સંજોગોમાં થિયેટર લોકઉપયોગી બને તે માટે તંત્ર દ્વારા જરૂરી પ્રયાસો હાથ ધરાય તેવી માંગ ઉઠવા પામી છે.

નવું મકાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ સે-૨માં માધ્યમિક શાળા શરુ કરવાની પ્રબળ માંગ ઉઠવા પામી છે. પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી શાળા નિર્માણનો મામલો વિભાગો વચ્ચે ગોથે ચઢતા લાંબા સમયથી કોઈ નિરાકરણ આવ્યું ન હતું. સૂત્રોના જણાવ્યા મુજબ સે-૭ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ માધ્યમિક શાળાના નવા મકાન માટે સે-૨માં સ્થળ નકકી થયા બાદ હવે શાળાનું બાંધકામ હાથ ધરવા નિર્ણય લેવાયો છે. આ મામલે શાળાના બાંધકામ સંદર્ભે નકશા-ડિઝાઈન તૈયાર કરવા સહિતની કામગીરી શરુ કરી દેવાઈ છે. આખરી આયોજન કરી દેવાશે. શાળા નિર્માણની ગતિવિધિ હાથ ધરાતા સ્થાનિક રહીશોની લાંબા સમયની માંગણીનો અંત આવશે.

જિલ્લા ફળવાશે..

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રાપ્ત વિગતો મુજબ રાજયમાં વધુ સાત જેટલા નવા જિલ્લાઓની પણ રચના કરવામાં આવી હોઈ આ જિલ્લાઓમાં પણ જિલ્લા પ્રભારી સચિવોની નિમણૂંક કરવા માટેની પ્રક્રિયા સામાન્ય વહીવટ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે.

આ ઉપરાંત રાજય સરકારે તાજેતરમાં જ રાજયમંત્રી મંડળનું વિસ્તરણ કરીને નવા ૬ રાજય મંત્રીઓનો પણ મંત્રીમંડળમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ નવા રાજયમંત્રીઓને પણ જિલ્લા પ્રભારી મંત્રી તરીકેની જવાબદારીઓ સોંપવામાં આવનાર છે. આથી મંત્રીઓના પણ પ્રભારી જિલ્લાઓમાં ફેરફારો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ હાલમાં સનદી અધિકારીઓ અને રાજય મંત્રીમંડળના મંત્રીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી ના પ્રચાર અને પ્રસાર માટે વિવિધ રાજયોના પ્રવાસે છે. આથી ડિસેમ્બર માસના અંતમાં મંત્રીઓ અને ઉચ્ચ સનદી અધિકારીઓને જિલ્લા પ્રભારી મંત્રીઓ અને જિલ્લા પ્રભારી સચિવો તરીકે જિલ્લાઓની ફાળવણી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

રચનાત્મક કાર્યો કરવાનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલાં છે. સેફિટ અવેરનેસમાં એમનો ફાળો અનન્ય છે. જેસીઆઈના અધિકારીઓ જુગલ કિશોર અને દિલીપ ગોલેછાની હાજરીમાં પ્રમુખ કેતન નિર્મલે આ બંનેનેના નામની ઘોષણા કરી જેને સર્વાનુમતે તાળીઓથી વધાવી લેવામાં આવી.

નાગરિક સંરક્ષણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગરમાં નાગરિક સંરક્ષણનું એકમ ૧૯૯૫ થી આરંભાયું છે. આ કચેરી નાગરિકોને નાગરિક સંરક્ષણ એકમમાં જોડાવવાની પ્રક્રિયા કરી સેવાનો સેતુ નોંધવામાં કાર્યરત છે. હાલમાં નાગરિક સંરક્ષણ દળમાં એક ચીફ વોર્ડન, એક ડેપ્યુટી ચીફ વોર્ડન, ત્રણ ડીવીઝનલ વોર્ડન અને ત્રણ આસી. ડીવીઝનલ વોર્ડન સહીત ૧૪૩ વોર્ડનો કાર્યરત છે. સંરક્ષણ અને તાલીમ માટે એક પોલીસ ઈન્સ્પેકટર કક્ષાની જગ્યા પર શ્રી આર.એન. નાઈ અને ચીફ વોર્ડન તરીકે શ્રી ડી.એન. ઝાલા, ડે. ચીફ વોર્ડન તરીકે શ્રી અરૂણ બુચ અને શ્રી દિક્ષિત પટેલ ઉત્સાહી યુવાનો ડીવીઝનલ વોર્ડન શ્રીમતી અંજના નિમાવત, લક્ષ્મણસિંહ રાજપૂત, અજીતસિંહ બિહોલા, મહાવીર નિમાવત, ઈશ્વર દેસાઈ, કૌશલ જાની, ભરત લીંબાચિયા કાર્યરત છે. ગુજરાત રાજયમાં ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, સુરત, જામનગર, ભુજ, ભાવનગર, ઓખા, વાડીનાર, નલીયા, ગાંધીધામ, કાકરાપાર ખાતે સીવીલ ડીફેન્સ એકમો કાર્યરત છે.

ગાંધીનગર એકમ સીવીલ ડીફેન્સ દ્વારા ૧૪૩ વોર્ડનની ભરતી કરી તેને તાલીમબદ્ધ કરી પરીક્ષા દ્વારા ચકાસણી કરી પ્રમાણિત કરવામાં આવ્યા છે.

નાગરિકોને નાગરિક સંરક્ષણની તાલીમ અને સમજ આપવાનું અભિયાન પણ ચલાવવામાં આવે છે અને છેલ્લા ૩-૪ વર્ષમાં ૨૫ થી પણ વધારે તાલીમ વર્ગોનું વિવિધ શૈક્ષણિક, સેવાકીય અને કચેરીઓમાં તાલીમબદ્ધ કરી નાગરિક સંરક્ષણના પાઠ ભણાવી નાગરિક ધર્મ ઉજાગર કરવાના આયોજન દ્વારા ૩૫૦૦ જેટલા તાલીમાર્થીઓને તાલીમ આપી તેની પરીક્ષા લઈ પ્રમાણિત કરવાનું અભિયાન પૂર્ણ કર્યું છે.

ગાંધીનગર નાગરિક સંરક્ષણ એકમ દ્વારા ક્વીક રીસ્પોન્સ ટીમ (આરટીઓ) તૈયાર કરવામાં આવી છે. અને તેમાં ૨૫ વોર્ડનને તૈયાર કરી તેનો તાલીમ વર્ગ અને પાંચ દિવસની પુરા સમયની તાલીમ આપી સેવારત કર્યા છે, અને તાલીમમાં ૬૧ જેટલા વોર્ડનોને તાલીમબદ્ધ કરી પ્રમાણિત કરવામાં આવ્યા છે. નાગરિક સંરક્ષણ એકમ, ગાંધીનગર દ્વારા તમામ તબક્કે અને આવશ્યક સેવાઓને ધ્યાનમાં રાખી વિવિધ સેવાઓની તાલીમ પણ વોર્ડનશ્રીઓને આપવાનું અભિયાન ચાલુ રાખવામાં આવ્યું છે. જેના ભાગરૂપે ફાર બ્રિગેડ માટે એક ખાસ તાલીમ આપી સેવામાં મુકવામાં આવ્યા છે.

ગાંધીનગરમાં માર્ગ સલામતિ અને માર્ગ સંરક્ષણમાં પણ નાગરિક સંરક્ષણ દળના વોર્ડનોને સેવારત કરવાના અભિયાનના ભાગરૂપે ૧૩ વોર્ડનોને ગાંધીનગરની ટ્રાફીક બ્રિગેડમાં સામેલ કરી સેવારત કર્યા છે.

પૂર, અતિવૃષ્ટી વગેરેમાં પણ નાગરિક સંરક્ષણ એકમના સેવા સૈનિકો સુપેરે સેવા આપી શકે તે માટે સારા તરવૈયાઓની પણ પસંદગી કરી તેને તાલીમબદ્ધ કરી એક ૭ સ્વયંસેવકોનું જુથ કાર્યરત કરવામાં આવ્યું છે.

છેલ્લા ૨ વર્ષથી પ્રતિ માસના છેલ્લા શુકવારે તમામ વોર્ડનોની તથા પદાધિકારીઓની બેઠકનું આયોજન કરી આગામી કાર્યક્રમો મુકરર કરવામાં આવ્યા છે. અને તેમાં પણ સારી એવી સંખ્યામાં સભ્યો રસ લઈ રહ્યા છે. તથા દર રવિવારે સવારે પરેડ દ્વારા શિસ્તના પાઠ લેવામાં આવે છે.

પ્રતિ વર્ષ ૧ ડિસેમ્બરથી ૬ ડિસેમ્બર નાગરિક સંરક્ષણ વીકની પણ છેલ્લા ૪ વર્ષથી ઉજવણી થઈ રહી છે. જેમાં અનેકવિધ કાર્યક્રમો, જન જાગૃતિ, નાગરિક સંરક્ષણમાં જોડાવા લોકો સુધી પત્રિકાઓ, સભાઓ તથા રુટ માર્ચ, રક્તદાન, સફાઈ ઝુંબેશ, અનેકવિધ સ્પર્ધાઓ અને વોર્ડનને પ્રોત્સાહિત કરવાના આયોજનો હાથ ધરવામાં આવે છે. ડીઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત લોક માહિતી એકત્રીત કરવાનું પણ અભિયાન હાથ ધરવામાં ગાંધીનગર એકમ કામ કરી રહ્યું છે. જેમાં ૩૦ સેકટરોની વોર્ડન ડાયરી દ્વારા જરૂરી માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. જેનું મોટા ભાગનું કામ સંપન્ન થયેલું છે. તદ ઉપરાંત નાગરિકોની સર્વેની પણ કામગીરી પ્રત્યેક પરિવાર સાથે પરામર્શ કરવાની કામગીરી પણ હાથ ધરી છે.

શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારને તાકીદની પરિસ્થિતિ તથા યુદ્ધ કે ઈમરજન્સીમાં જાણકારી આપવા ૭૨ સ્થળો પસંદ કરી ત્યાં સાયરન પણ મુકવામાં આવેલ છે અને તેનું પણ દિલ્હીની ટીમે નિરીક્ષણ કર્યું છે.

આ તમામ સાયરનો હવાઈ હુમલો, પૂર, તાકીદની પરિસ્થિતિમાં નાગરીકોને સજાગ કરવાનું કામ કરશે જેને મુખ્ય કચેરી સાથે વાયરલેસથી જોડાણ પણ કરવામાં આવ્યું છે.